# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 18.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પેરિસમાં વિવાટેક સમિટમાં હાજરી આપશે-- ભારતીય સમુદાયને પણ સંબોધિત કરશે.

2) G-7 સમિટમાં પ્રધાનમંત્રીએ આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સ ----- AI ના જોખમોથી બાળકોને સલામત રાખવા ભાર મૂક્યો.

3) ભારત અને બ્રિટન વચ્ચે વ્યાપક આર્થિક અને વેપાર કરાર આગામી 15 જુલાઈથી અમલમાં આવશે.

4) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી મધ્યપ્રદેશ અને ઓડિશાના 5 દિવસના પ્રવાસે જશે.

5) ઝારખંડ અને મિઝોરમમાં આજે રાજ્યસભાની ચૂંટણી .

6) મહિલા T20 વર્લ્ડ કપમાં, ભારતે નેધરલેન્ડ્સને 95 રનથી હરાવ્યું.

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM –PARIS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે રાત્રે ફ્રાન્સની રાજધાની પેરિસ પહોંચ્યા હતા. ભારતીય સમુદાય દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પેરિસમાં, પ્રધાનમંત્રી મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે વિવાટેક-2026 કોન્ફરન્સમાં ભાગ લેશે. તેઓ ભારતની ટેકનોલોજીકલ પ્રગતિ અને નવીનતા વિશ્વ સમક્ષ રજૂ કરશે. સાંભળીએ એક અહેવાલ

## (BYTE: MAHESH CHOPRA V /C)

અગાઉ, G-7 સમિટ દરમિયાન, પ્રધાનમંત્રીએ અનેક વિશ્વ નેતાઓ સાથે મુલાકાત કરી હતી અને ગ્લોબલ સાઉથના મુદ્દાઓને મુખ્ય રીતે ઉઠાવ્યા હતા.

પેરિસમાં, પ્રધાનમંત્રી ભારતીય સમુદાય માટે એક ખાસ કાર્યક્રમને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રીની આ મુલાકાત ભારત-ફ્રાન્સ સંબંધોને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

# PM G-7

G-7 સમિટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કૃત્રિમ બુદ્ધિમત્તાના સલામત, સમાવેશી અને માનવ-કેન્દ્રિત વિકાસ માટે હાકલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે AI ની સાચી સફળતા મશીનોની ક્ષમતાઓમાં નહીં, પરંતુ સામાન્ય લોકોના સશક્તિકરણમાં રહેલી છે.

પ્રધાનમંત્રીએ  જણાવ્યું હતું કે, AI શિક્ષણ અને નવીનતાને પ્રોત્સાહન આપી શકે છે, પરંતુ બાળકોને ખોટી માહિતી, ડીપફેક અને સાયબર જોખમોથી બચાવવા માટે અસરકારક સુરક્ષા પગલાં આવશ્યક છે.

તેમણે ભાર મૂક્યો હતો કે, AI ટેકનોલોજીની ઍક્સેસ બધા દેશો માટે સમાન અને સ્વતંત્ર હોવી જોઈએ. તેમણે ડીપફેક, સાયબર છેતરપિંડી અને ખોટી માહિતીનો સામનો કરવા માટે વૈશ્વિક સહયોગ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

# G7–ANNOUNCEMENT

ફ્રાન્સના એવિયામાં G7 સમિટ દરમિયાન, નેતાઓએ સંતુલિત આર્થિક વૃદ્ધિ, મહત્વપૂર્ણ ખનિજ પુરવઠા શૃંખલા અને બાળકો માટે સલામત ડિજિટલ વાતાવરણ સંબંધિત ત્રણ મહત્વપૂર્ણ ઘોષણાઓ અપનાવી. બાળકો માટે સલામત ડિજિટલ વાતાવરણ અંગેની ઘોષણાને ભારત સહિત ઘણા દેશોએ ટેકો આપ્યો હતો. તે ઓનલાઈન સલામતી વધારવા અને ડીપફેક અને બાળ શોષણ જેવા પડકારોનો સામનો કરવા પર ભાર મૂકે છે.

લિથિયમ, નિકલ અને દુર્લભ ખનિજોનો સુરક્ષિત પુરવઠો સુનિશ્ચિત કરવા માટે G7 ક્રિટિકલ મિનરલ્સ એલાયન્સની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. નેતાઓએ AI અને ક્વોન્ટમ ટેકનોલોજી સાથે સંકળાયેલા પડકારો અને તકો માટે વૈશ્વિક તૈયારી વધારવા માટે પણ હાકલ કરી હતી.

# INDIA –UK –CETA

ભારત અને બ્રિટને જાહેરાત કરી છે કે વ્યાપક આર્થિક અને વેપાર કરાર (CETA) આ વર્ષે 15 જુલાઈથી અમલમાં આવશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે માહિતી આપી હતી કે સામાજિક સુરક્ષા કરાર, જેને ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શન (DCC) તરીકે પણ ઓળખવામાં આવે છે, તે જ દિવસે અમલમાં આવશે. મંત્રાલયે એ પણ જણાવ્યું કે કે DCC હેઠળ મુક્તિનો સમયગાળો 3 વર્ષથી વધારીને 5 વર્ષ કરવામાં આવ્યો છે, જે ભારતના કામચલાઉ કામદારો માટે એક મોટો ફાયદો છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે CETA અને ડબલ કોન્ટ્રીબ્યુશન કન્વેન્શનના એકસાથે અમલીકરણથી ભારતના નિકાસ માટે નોંધપાત્ર નવી તકો ખુલશે કારણ કે ભારતે 99 ટકા ટેરિફ લાઇન પર તાત્કાલિક ડ્યુટી-મુક્ત પ્રવેશ મળશે.. આનાથી કાપડ, ચામડું, મરીન, એન્જિનિયરિંગ અને પ્રોસેસ્ડ ફૂડ ક્ષેત્રોને ફાયદો થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# PREZ –MP

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી મધ્યપ્રદેશ અને ઓડિશાના પાંચ દિવસના પ્રવાસે જશે. તેઓ મધ્યપ્રદેશના બેતુલમાં આધ્યાત્મિક જાગૃતિ દ્વારા આદિવાસી સમુદાયોને સશક્ત બનાવવાના કાર્યક્રમમાં ભાગ લેશે. આવતીકાલે રાષ્ટ્રપતિ ઓમકારેશ્વરમાં આંતરરાષ્ટ્રીય સિકલ સેલ દિવસની ઉજવણીમાં હાજરી આપશે. ત્યારબાદ, રાષ્ટ્રપતિ ઓડિશામાં AIIMS ભુવનેશ્વર દ્વારા આયોજિત એક તબીબી શિબિરનું ઉદ્ઘાટન કરશે

શનિવારે, રાષ્ટ્રપતિ મુર્મુ, પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી સાથે, પહારપુરમાં એક શાળા અને કૌશલ્ય કેન્દ્ર સહિત વિવિધ સુવિધાઓની મુલાકાત લેશે. તેઓ લાભાર્થીઓ અને બાળકો સાથે વાતચીત પણ કરશે. બાદમાં, તેઓ રાયરંગપુરમાં એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપશે. 21 જૂને, રાષ્ટ્રપતિ મધ્યપ્રદેશના જબલપુરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લેશે.

# RAJYA SABHA –JHARKHAND- MIZORAM

ઝારખંડમાં આજે રાજ્યસભાની બે બેઠકો માટે મતદાન થશે. ઝારખંડ મુક્તિ મોરચાના વૈદ્યનાથ રામ, કોંગ્રેસના ઉમેદવાર પ્રણવ ઝા અને અપક્ષ ઉમેદવાર પરિમલ નથવાણી ચૂંટણી લડી રહ્યા છે. ઝારખંડ વિધાનસભામાં મતદાન સવારે 9 વાગ્યાથી સાંજે 4 વાગ્યા સુધી ચાલશે. મતગણતરી સાંજે 5 વાગ્યે શરૂ થશે અને ત્યારબાદ પરિણામો જાહેર કરવામાં આવશે.

વિધાનસભાના તમામ 81 ધારાસભ્યો મતદાન કરશે. શાસક ગઠબંધનને ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ અને સીપીઆઈ-એમએલ સહિત 56 ધારાસભ્યોનું સમર્થન છે. 24 ધારાસભ્યોના સમર્થન સાથે વિપક્ષ સ્વતંત્ર ઉમેદવાર પરિમલ નથવાણીને સમર્થન આપી રહ્યું છે.

મિઝોરમની એકમાત્ર રાજ્યસભા બેઠક માટે આજે મતદાન થશે. જેમાં ઝોરામ પીપલ્સ મૂવમેન્ટ –ZPMના કે. લલતલુઆંગકીમા અને મિઝો નેશનલ ફ્રન્ટ -MNFના ઝોથાનસંગી હમાર વચ્ચે સીધો મુકાબલો છે. તો ભાજપ અને કોંગ્રેસે મતદાનથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. મતગણતરી પૂર્ણ થયા બાદ સાંજે ચૂંટણીનું પરિણામ જાહેર થાય તેવી અપેક્ષા છે.

# PM 12 YEARS

છેલ્લા 12 વર્ષમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ સબકા સાથ, સબકા વિકાસ, સિદ્ધાંતોથી પ્રેરિત ભારતમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આ સમયગાળા દરમિયાન, મોદી સરકારે ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનોના કલ્યાણ અને સશક્તિકરણ માટે ઘણી મુખ્ય પહેલો હાથ ધરી છે. નક્સલવાદને નાબૂદ કરવા અને અસરગ્રસ્ત પ્રદેશોમાં વિકાસલક્ષી પ્રવૃત્તિ માટે સરકારે  લીધેલા પગલાં પર સાંભળીએ એક અહેવાલ

**(BYTE: ANKIT VAIDYA)**

# JHARKHAND NAXALITES SURRENDER

ઝારખંડમાં નક્સલ નાબૂદી અભિયાનને મોટી સફળતા મળી છે. 10 લાખ રૂપિયાનું ઈનામ ધરાવતી મહિલા માઓવાદી પુષ્પા મહતોએ પશ્ચિમ બંગાળના કોલકાતામાં પોલીસ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. પુષ્પા મહતો 21 વર્ષથી નક્સલ પ્રવૃત્તિઓમાં સક્રિય હતી. પુષ્પા પર હત્યા, ખંડણી અને રાજદ્રોહ સહિતના અનેક ગંભીર કેસ નોંધાયેલા હતા.

આત્મસમર્પણ કર્યા પછી, પુષ્પા મહતોએ જંગલોમાં સક્રિય અન્ય સાથીઓને મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાની અપીલ કરી અને કહ્યું કે નક્સલ ચળવળનું હવે કોઈ ભવિષ્ય નથી.

# WOMEN'S T20 WORLD CUP

મહિલા T20 વર્લ્ડ કપમાં, ગઈકાલે રાત્રે લીડ્સના હેડિંગ્લી ખાતે ગ્રુપ A મેચમાં ભારતે નેધરલેન્ડ્સને 95 રનથી હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા, ભારતે સ્મૃતિ મંધાનાના 74 અને શેફાલી વર્માના 55 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 209 રન બનાવ્યા. જવાબમાં, નેધરલેન્ડ્સ 17.3 ઓવરમાં 114 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારત તરફથી, શ્રી ચારણીએ ચાર વિકેટ ઝડપી, જ્યારે શેફાલી વર્માએ ત્રણ અને નંદની શર્માએ બે વિકેટ લીધી.

સ્મૃતિ મંધાનાને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

# CRICKET-INDIA-AFGHANISTAN

ક્રિકેટમાં, ભારતે લખનૌમાં બીજી વનડેમાં અફઘાનિસ્તાનને 170 રનથી હરાવ્યું. આ સાથે, ભારતે ત્રણ મેચની શ્રેણીમાં 2-0 ની લીડ મેળવી લીધી છે.

ભારતે પ્રથમ બેટિંગ કરીને 402 રન બનાવ્યા. શુભમન ગિલે 154 અને ઇશાન કિશને 125 રન બનાવ્યા. જવાબમાં, અફઘાનિસ્તાન 232 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ભારત તરફથી અર્શદીપ સિંહ અને ગુરનુર બ્રારે ત્રણ-ત્રણ વિકેટ લીધી, જ્યારે પ્રિન્સ યાદવે બે વિકેટ લીધી.

શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ શનિવારે ચેન્નાઈમાં રમાશે. અગાઉ, ભારતે 13 જૂને ધર્મશાળામાં રમાયેલી મેચમાં અફઘાનિસ્તાનને 7 વિકેટથી હરાવ્યું હતું.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

1. આજના મોટાભાગના અખબારોએ **G 7** બેઠકથી અલગ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત અંગેના સમાચારને હેડલાઇન બનાવી છે.
2. સંદેશની હેડલાઇન છે - મોદીની ટ્રંપને સાફ વાત ભારતીય નવિકોની સુરક્ષા ખૂબ જ જરૂરી
3. ગુજરાત સમાચારની હેડલાઇન છે – ટ્રમ્પ મોદી પર ઓળઘોળ, પણ ભારતને પાંચીયુ ય નહીં
4. હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – હોર્મુંઝ કા ખુલા રહના જરૂરી:મોદી ભારત પર હમલા તો હમ સાથ:ટ્રમ્પ
5. સતત ત્રીજા વર્ષે જૂનમાં મોનસુનનો લાંબો બ્રેક, શિવસેના ઉદ્ધવ જુથમાં ભંગાણના સંકેત અને માનવ મસ્તિષ્કનો સૌથી વિસ્તૃત હાઈ રિઝોલુશન 3 D નક્શો તૈયાર સહિતના સમાચાર વિવિધ અખબારોમાં પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
6. સ્થાનિક પાને સંદેશ લખે છે – અમદાવાદ વિભાગમાં ડ્રોનની મદદથી રેલવે ટ્રેકોનું નિરીક્ષણ કરાશે.
7. આ ઉપરાંત રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગેના સમાચાર વિવિધ અખબારોમાં વાંચવા મળી રહ્યા છે